# ડબગરવાડમાં જુદા જુદા દેશના ગણપતિ બને છે આકર્ષણનું કેન્દ્ર

બસ હવે ત્રણ જ દિવસનો ઈન્તજાર બાકી છે પછી તો સુરતવાસીઓ ગણેશમય બની જશે. આ એક એવું પર્વ છે જેમાં ભક્તિ પણ છે અને ઝાકમઝોળ પણ. આ વખતે પણ આંખોને આંજી દે તેવી શ્રીજીની પ્રતિમાઓના દર્શન થશે. ડબગરવાડમાં અલગ અલગ દેશોમાં પૂજવામાં આવતા શ્રી ગણેશજીના સ્વરૂપની શ્રીજીની પ્રતિમાઓની સ્થાપના શ્રી રેણુકા યુવક મંડળ દ્વારા 1990ના વર્ષથી શરૂ કરવામાં આવી હતી, જે હવે પરંપરા બની ગઈ છે. આવી પરંપરા કેમ શરૂ થઈ, અત્યાર સુધીમાં કયા ક્યા દેશની ગણેશજીના સ્વરૂપની પ્રતિમાઓની સ્થાપના કરાઈ? ચાલો તે જાણીએ...

CREATIVE માઈન્ડ્સ

## 2024માં 5 મુખના નેપાળના ગણેશ

ડબગરવાડમાં 29 વર્ષમાં અલગ અલગ દેશમાં પૂજાતા પારંપરિક ગણેશ સ્વરૂપની આબેહૂબ જે પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવી તેમાં સૌથી વધારે ઈન્ડોનેશિયા અને થાઈલેન્ડના અલગ અલગ સ્વરૂપના ગણપતિ સૌથી વધારે લાવવામાં આવ્યા. 2024માં નેપાળના હેરંબ દેવ સ્વરૂપના 10 હાથ અને 5 મુખના ગણપતિની સ્થાપના કરવામાં આવી હતી. તો 2025માં જાવા દેશના ગણપતિની સ્થાપના કરવામાં આવી હતી.



## 1991માં ચીનના શ્રી ગણેશજીની પ્રતિમાની સ્થાપના

શ્રી રેણુકા યુવક મંડળ દ્વારા 1991માં પ્રથમવાર ચીનમાં ગુઢવિદ્યા દેવતા તરીકે શ્રી ગણેશજી પૂજાય છે તેવા સ્વરૂપની ગણેશજીની પ્રતિમા સ્થાપવામાં આવી. હૂબહૂ તેવી જ મૂર્તિ બનાવવામાં આવી હતી. ત્યારબાદ 1992માં કમ્બોડીયાના દેશમાં પૂજાતા ગણેશજી જેવી 17 ફૂટની મૂર્તિ અહીં સ્થાપિત કરાઈ હતી.



## અલગ અલગ દેશોના ગણપતિની કરી સ્થાપના

1991થી 1993 સુધી ત્રણ વર્ષ અલગ અલગ દેશના ગણપતિની સ્થાપના થઈ પણ પછી આ કન્સેપ્ટ 1999ની સાલ સુધી બંધ રહ્યો. 2000ના વર્ષથી ફરી શરૂઆત થઈ અને ત્યારે અફઘાનિસ્તાનના અલચિ પ્રાંતના વૃદ્ધ પંડિત સ્વરૂપના ગણપતિની સ્થાપના થઈ. 2001માં કમ્બોડીયા મહારાજલીલા સ્વરૂપ ગણેશજી, પછી શ્રીલંકાના યોગા યોગ વિંદા, ત્યાર પછી ચાર હાથવાળા જાપાનના, પછીથી ઈન્ડોનેશિયાના મંકી ફોરેસ્ટમાં બેઠેલા શ્રી ગણેશજી, પછી સિંગાપોરના વરાહ સ્વરૂપના, પછીથી થાઈલેન્ડના સુતેલી મુદ્રામાં બેઠેલા ગણપતિ, કમ્બોડીયાના પેપર અને ચોખા અને મક્કાઈનો લોટ ઉપરાંત કિચુકાનો પાઉડર મિક્સ કરીને બનાવેલી 12 ફૂટની ગણેશજીની મૂર્તિ, વિયેતનામના ત્રીનેત્ર ગણપતિ, તુર્કીસ્તાનના ગણપતિના સ્વરૂપની પ્રતિમા સ્થાપવામાં આવી હતી.





## 2006ની રેલમાં જાવા દેશના સ્વરૂપના ગણેશજીની પ્રતિમા ખંડિત થઈ

પ્રજ્ઞેશભાઈ છત્રીવાળાએ જણાવ્યું કે 2006માં જાવા દેશના સ્વરૂપની પ્રતિમા બનાવી હતી પણ ત્યારે સુરતની ભયંકર રેલમાં તે મૂર્તિ ખંડિત થઈ હતી. આ મૂર્તિમાં આગળ ગણેશજી અને પાછળની તરફ રાક્ષસ હતા. તે મૂર્તિ ખંડિત થતા અમે બજારમાંથી નાની મૂર્તિ લાવી સ્થાપી હતી. પછી તો ક્યારેય જાવાના તે સ્વરૂપના ગણપતિની સ્થાપના નહીં કરી.

## કેમ અલગ અલગ દેશના ગણપતિ લાવવાનો કન્સેપ્ટ?

ડબગરવાડમાં દર વર્ષે અલગ અલગ દેશોના ગણપતિની સ્થાપનાનો કન્સેપ્ટ મુંબઈનો છે. મુંબઈમાં ગિરગાંવમાં આ રીતે અલગ અલગ દેશમાં પૂજાતા ગણપતિના સ્વરૂપની સ્થાપના કરવામાં આવે છે. પ્રજ્ઞેશભાઈએ જણાવ્યું કે ગિરગાંવના મંડળ તરફથી મને અલગ અલગ દેશમાં પૂજાતા ગણપતિના સ્વરૂપ વિશેની સવિસ્તૃત માહિતી આપવામાં આવી. પછી સુરતમાં અમારા મંડળ દ્વારા આ કોન્સેપ્ટ પર ગણપતિ બનાવવાનું શરૂ કર્યું.



---

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપ્લસ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..





## નથી જોઈતી આંખ આંજતી લાઈટો અને કાન ફાડી નાંખતા ડીજેના અવાજો, મને શાંતિથી ભજનથી જ ભજો...

છે મારું નામ વિનાયક પણ વહેલું મારું આગમન કરાવીને સૌ બની રહ્યા છો દુઃખદાયક... આગમનયાત્રાના નામે કરો છો રૂપિયાના ધુમાડા પણ મને તો ગમે છે માત્ર મોદક જ સાદા... મારા માટે જરૂરી નથી દેખાડો, કારણ કે હું શિવપુત્ર છું એકદમ સાદો... મારા આગમનના દેખાડામાં ભક્તોનો થાય છે મરો, સર્જાય છે અરાજકતા અને દોડાદોડી, તો પછી કેમ આવું કરો... જો જોઈતી હોય મારી કૃપા તો મારા મહોત્સવને ઉજવો શાંતિથી અને કાયમ બોલો સાથે છે તમારા આ બાપ્પા...

---

સુરતની મૂળ કહેવાતી જ્ઞાતિઓમાંથી એક એટલે ખત્રી જ્ઞાતિ.. આ જ્ઞાતિમાં એક અનોખો રિવાજ છે કે તેઓ ગણપતિદાદાનાં દોરા બાંધે છે. પણ દોરા કેવી રીતે બાંધવામાં આવે છે અને શું કામ બાંધવામાં આવે છે તેની આજે વાતો કરીએ..

# સુરતની ખત્રી જ્ઞાતિની વર્ષોથી ચાલી આવતી પરંપરા: દોરા બાંધવા




વિસરાયેલો વારસો
તાપી તટે ભીંજાયેલો ભૂતકાળ
વિમ્મી વિષ્ણુ ચેવલી

સુરતમાં દિવાસો શરૂ થતાં જ તહેવારોની પરંપરા ચાલુ થઈ જાય છે. ઘરડાંઓ એટલે જ તો કહેતા હોય છે કે દિવાસો એટલે દિવાળીને સો દિવસ બાકી.. હજુ પણ સુરતમાં દિવાસાને દિવસે સગરામપુરા વિસ્તારમાં મેળો ભરાય જ છે. આવનારી ખુશીઓ અને ઉત્સવોના આગમનને વધાવવાના અવસર દિવાસાથી શરૂ થઈને શ્રાવણનાં તહેવારોની ભરમાર ચાલુ થઈ જાય છે; નાગ પાંચમ, રાંધણ છઠ, શીતળા સાતમ, જન્માષ્ટમી, છડી નોમ, રક્ષાબંધન... સુરતીઓને દરેક તહેવારને રંગેચંગે ઉજવી તેની મજા માણતા આવડે છે. પણ એક તહેવાર ગણો કે ધાર્મિક પરંપરા જે માત્ર સુરતની ખત્રી જ્ઞાતિમાં જ જોવા મળે છે તે છે દોરા બાંધવાની પરંપરા...

સુરતની ખત્રી જ્ઞાતિમાં એવો રિવાજ છે કે શ્રાવણ માસની અમાસ કે ગણેશ ચતુર્થી કે પછી અનંત ચૌદશમાંથી એક દિવસે જેવી પરિવારજનોની અનુકુળતા હોય એ પ્રમાણે દોરા બાંધે છે. જોકે કોઈનો આ દિવસોમાં પણ મેળ ન બેસે તો મોડામાં મોડું છેલ્લે ધનતેરસે પણ દોરા બાંધવાનું કાર્ય સંપન્ન કરવામાં આવે છે. ખત્રીઓ આ દિવસે સવારે નાહીધોઈને દોરા બનાવવાનું કાર્ય કરે છે. જોકે આ કાર્ય ખૂબ ધીરજ માંગી લે એવું છે. સૂતરના તારનાં એકવીસ તાર લઈ તેમાં એકવીસ ગાંઠ મારવામાં આવે છે. ઘરમાં જેટલા સદસ્યો હોય તેટલા અને એક દોરો ગણપતિદાદાનો બનાવવામાં આવે છે. ત્યારબાદ દોરાઓને દૂધ-પાણી વડે ધોઈને કંકુ હળદરના ચાંલ્લા કરવામાં આવે છે અને કોલસાનો ધૂપ આપી પવિત્ર કરવામાં આવે છે. ત્યારબાદ ગણપતિદાદાને પ્રથમ એ દોરો પહેરાવવામાં આવે છે ત્યારબાદ ઘરના દરેક સદસ્યોને કાંડે એ બાંધવામાં આવે છે. શરત બસ એટલી જ હોય છે કે એ દોરો ખોવાવો ન જોઈએ એટલે આ દોરો બાંધીને ઘરની બહાર નીકળવાની મનાઈ હોય છે તેમ જ આ દોરો બાંધીને શૌચક્રિયા માટે જવા પર પણ પ્રતિબંધ હોય છે. ઘરના જે સદસ્યો બહારગામ રહેતા હોય કે હાજર ન હોય તેમના નામનાં પણ દોરા બનાવી ભગવાન સમક્ષ મૂકવામાં આવે છે.

ત્યારબાદ ગણપતિદાદાને પાટલે બેસાડી આંબા અને પીપળાનાં પાન લઈ ભાખરાનું ચૂરમું અથવા લાડવી અને દૂધ ધરાવવામાં છે. ઘરના દરેક સદસ્યો ગણપતિદાદા સમક્ષ પોતાનો દોરો અને રક્ષાબંધનમાં બાંધવામાં આવેલી રાખડી તેમજ ભગવાનને ધરાવવામાં આવેલા પવિત્રા તેમનાં ચરણે મૂકતાં જાય છે, કંકુ ચોખાથી વધાવી ગણપતિદાદાને પગે લાગે છે. આ દિવસે ઘરની સ્ત્રીઓ ભાખરાનું ચુરમું અથવા લાડવા ખાઈને ઉપવાસ કરે છે અને પાત્રાં બનાવવાનું આ દિવસે અનિવાર્ય હોય છે.

સાંજ પડતા એ સ્થાપના અને દોરાઓ તેમજ ગણપતિદાદાને ધરાવવામાં આવેલી રાખડીઓનું તાપીકિનારે તાપીને વંદન કરીને વિસર્જન કરવામાં આવે છે. જોકે હું અહીં એટલું જરૂર કહીશ કે પહેલાં ભલે આપણે સૌ તાપીમાં એ દોરા પધરાવતા હતા પણ હાલની સ્થિતિ અને તાપીમાતાની દશા જોતાં એ દોરા નદીમાં વિસર્જિત કરવા યોગ્ય નથી તેથી ત્યાં જ કિનારે જ તેનું વિસર્જન થવું જોઈએ, જેથી સુરતની જીવાદોરી એવી તાપી સ્વચ્છ રહી આપણા પર તેમના આશિષ વરસાવતી રહે...

**કાપડનાં ધંધા સાથે સંકળાયેલા ખત્રીઓ એક રીતે વણાટકામમાં હથોટી ધરાવતા એટલે આ એકવીસ તાર એ તેમના કાપડ ઉદ્યોગના વ્યવસાયને પ્રભુના આશીર્વાદ મળતા રહે અને વેપાર રોજગાર તેમ જ ઘરમાં સુખસંપત્તિ આવે એ અર્થે બાંધવામાં આવે છે**

આ વર્ષોથી ચાલી આવતી પરંપરા છે જે ખત્રીઓ આજે પણ નિભાવી રહ્યા છે. જોકે તેની પાછળનો કોઈ ચોક્કસ ઈતિહાસ કે વાર્તાકથા મને ખૂબ સંશોધન કરવા છતાં મળ્યા નથી પણ વડીલો સાથે વાત કરતા એટલું જાણવા મળ્યું છે કે કાપડનાં ધંધા સાથે સંકળાયેલા ખત્રીઓ એક રીતે વણાટકામમાં હથોટી ધરાવતા એટલે આ એકવીસ તાર એ તેમના કાપડ ઉદ્યોગના વ્યવસાયને પ્રભુના આશીર્વાદ મળતા રહે અને વેપાર રોજગાર તેમ જ ઘરમાં સુખસંપત્તિ આવે એ અર્થે બાંધવામાં આવે છે. આ તમે એક વ્યાપારિક કુશળતા, ધાર્મિક રીતિ અને આસ્થાનો અનોખો સંગમ કહી શકો...

વારસાની વરિયાળી

**પહેલાનાં સમયમાં જ્યારે લાકડાનાં ઘરો રહેતા તો ગણપતિદાદા માટે ભાખરાનું ચૂરમું કે લાડવા બનાવવામાં આવતા તે ઘરમાં ગણપતિદાદાનાં વાહન મૂષકરાજ માટે એટલે કે ઉંદર માટે પણ મૂકવામાં આવતા.**

---

# એક કોફી, અનેક ડિઝાઇન : લાટે આર્ટમાં જોવા મળે કળાનો અદ્ભુત સંગમ




LifeStyle Trends

તમે કોઈ કેફેમાં કોફીની મજા માણવા ગયા છો અને તમરી સમક્ષ સર્વ કરવામાં આવેલી કોફી ઉપર સરસ મજાની હાર્ટની કે પછી ટ્યૂલિપ ફૂલની ડિઝાઈન દેખાય તો તમારી આંખોમાં એક ચમક સાથે એવો વિચાર આવી જશે હું કોફીનો એક ઘૂંટડો પણ પી લઈશ તો આટલી સુંદર મજાની ડિઝાઈન બગડી જશે એટલે કોફી પીવી કે નહીં તેની કશમકશ તમારા દિલો દિમાગમાં ચાલશે. પછી સ્વાલ ઉદભવશે કોફી પર કરવામાં આવેલી ડિઝાઈન શું છે? કેવી રીતે થાય છે? શું આ આર્ટ કોફી પીવાના શોખીન પણ શીખી શકે છે ખરા? ચાલો, આ આર્ટને આપણે વિગતવાર જાણીએ અને પછી તેને શીખવાની તમને કેટલી તાલાવેલી રહેશે તે અમને જણાવજો...

## લાટે આર્ટમાં આ પ્રકારની ડિઝાઈનો થાય છે

લાટે આર્ટ ડિઝાઈન મિલ્ક પિયર(જગ)માંથી દૂધ રેડવાની ગતિ અને હાથના હલનચલન દ્વારા બનાવવામાં આવે છે. આમાં સૌથી લોકપ્રિય ડિઝાઈન છે 'હાર્ટ'. આ આર્ટ શીખનાર શરૂઆત હાર્ટ આકારની ડિઝાઈન બનાવવાથી કરે છે. ટ્યુલીપ ડિઝાઈનમાં એક ઉપર એક દિલના આકાર તૈયાર કરી સુંદર ટ્યુલીપનું ફૂલ તૈયાર કરાય છે. રોઝેટા એટલે પાંદડા જેવી ડિઝાઈન. આ ઉપરાંત સ્પેશ્યલ સાધન જેમકે, સ્ટીક, ટૂથપિક કે ચોકલેટ સિરપનો ઉપયોગ કરીને વધારાની આકૃતિ બનાવાય તેને એચિંગ (કોતરણી કળા) કહેવાય છે. સ્પાઈડર વેબ ચોકલેટ સીરપ અને ટૂથપિકના ઉપયોગથી બનાવાય છે. ટૂથપિકની મદદથી ટેડી બેર, બિલાડી કે સ્માઈલી ફેસની ડિઝાઈન પણ તૈયાર કરાય છે. 3D લેટર આર્ટ અને સ્ટેન્સિલ આર્ટનો પણ હવે ટ્રેન્ડ છે.



## આને કહેવાય છે લાટે આર્ટ

હવેના સમયમાં કોફીનો એક કપ સામે આવે ત્યારે વાત માત્ર તેની સુગંધ કે સ્વાદ સુધી સીમિત નથી રહેતી. કપ પર બનેલું નાનું હાર્ટ, સુંદર રોઝેટા કે ટ્યુલિપ જેવી ડિઝાઈન કોફીના અનુભવનો હિસ્સો બની ગયો છે. દૂધના ફીણ અને એસ્પ્રેસોના સંયોજનથી કપ ઉપર આ ડિઝાઈન બનાવવાની કળાને લાટે આર્ટ કહેવાય છે. લાટે આર્ટ બરીસ્તાની કુશળતા અને સર્જનાત્મકતાની ઓળખ છે જેમાં ઘણી પ્રેક્ટિસ અને ટેક્નિક છુપાયેલી છે. લાટે આર્ટ માત્ર ડિઝાઈન બનાવવાની કળા નથી, પરંતુ તેમાં સારી રીતે તૈયાર કરાયેલા એસ્પ્રેસો, દુધને યોગ્ય રીતે સ્ટીમ કરવાની સમજ, સ્મૂથ માઈક્રોફોમ, યોગ્ય તાપમાનને નિયંત્રિત કરવાની કુશળતા જરૂરી છે.

## વિશ્વ સ્તરે લાટે આર્ટની ચેમ્પિયનશિપ પણ થાય છે

લાટે આર્ટનું મહત્ત્વ વિશ્વના મોટા કોફી મંચ સુધી પહોંચી ગયું છે. World Latte Art Championship જેવા મંચો પર વિશ્વભરના બરીસ્તા પોતાની ટેક્નિક, સર્જનાત્મકતા અને ચોકસાઈ સાથે સ્પર્ધા કરે છે. ભારતમાં Indian Latte Art Championshipમાં સુરતના બરીસ્તા પણ ભાગ લે છે. તેમાં સ્થાનિક બરીસ્તાઓને રાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભા રજૂ કરવાની તક મળે છે. આવી સ્પર્ધાઓને કારણે લાટે આર્ટ હવે માત્ર કેફેમાં કામ કરતા બરીસ્તાની વધારાની સ્કિલ નથી રહી પણ ઘણા યુવા બરીસ્તા માટે પોતાની ઓળખ બનાવવા અને કોફીના ક્ષેત્રમાં આગળ વધવા માટેની મહત્ત્વની કુશળતા બની રહી છે.



## લાટે આર્ટના વર્કશોપમાં કોફી લવર્સ પણ આ આર્ટ શીખે છે



અમિતભાઈ પટેલે જણાવ્યું કે, સુરતમાં 2017થી જ્યારથી સ્પેશ્યાલિટી કોફી શોપ શરૂ થયું ત્યારથી લાટે આર્ટની શરુઆત સુરતમાં થઈ છે. લાટે આર્ટના વર્કશોપનો ટ્રેન્ડ છેલ્લા ત્રણ વર્ષથી ડુમસની એક પ્રખ્યાત બરીસ્તા સ્કૂલમાં આ આર્ટની ટ્રેનિંગ શરૂ થઈ ત્યારથી છે. તેમાં બરીસ્તા કરતા પણ હોમ બ્રુઅર્સ અને કોફી લવર્સ પણ શોખથી આ આર્ટ શીખવા આવે છે. કેફેમાં પણ આવા વર્કશોપ આયોજિત થાય છે. કોફી પીવાના શોખીનો આ આર્ટ શિખતી વખતે જ્યારે કપમાં દૂધ રેડયા બાદ કોઈ ચોક્કસ આકાર ન બને તો નિરાશ થાય છે પણ થોડા પ્રયત્નો પછી પહેલીવાર કપમાં હાર્ટનો આકાર દેખાય ત્યારે તેમને મળતી ખુશી અલગ જ હોય છે. વર્કશોપમાં લોકો માત્ર ડિઝાઈન બનાવતા નથી શીખતાં પણ દુધને યોગ્ય રીતે ટેક્સચર કરવું, માઈક્રોફોમની ગુણવત્તા સમજે છે. આ આર્ટ વિજ્ઞાન અને કળા બંને છે. દુધનું તાપમાન અને ટેક્સચર, પિયરની મુવમેન્ટ અને કપ ઉપર બનતી ડિઝાઈન સર્જનઆત્મકતાનો ભાગ છે. બંનેનું સંતુલન જ એક સુંદર લાટે આર્ટ બનાવે છે.